

શું હિપેટાઇટિસ બીની રસી સલામત છે?

હિપેટાઇટિસ બીની રસી ખૂબ જ સલામત છે. સૌથી સામાન્ય આડઅસર ઇન્જેક્શનની જગ્યાએ દુખાવો અથવા હળવો તાવ છે. ગંભીર આડઅસરો ભાગ્યે જ જોવા મળે છે.

હિપેટાઇટિસ બીની રસીના પ્રથમ ડોઝ વડે જન્મ સમયથી જ તમારા બાળકનું રક્ષણ શરૂ કરો.



હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

- તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા
- ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ વેક્સિન પ્રિવેન્ટેબલ ડિસીઝ પ્રોગ્રામ
  609-826-4861
  nj.gov/health/cd/vpdp.shtml
- અમેરિકન એકેડેમી ઑફ પીડિયાટ્રિક્સ (AAP)
  હિપેટાઇટિસ બી જન્મ સમયનો ડોઝ
- ઇમ્યુનાઇઝેશન એક્શન કોએલિશન (IAC)
  immunize.org/protect-newborns

તમારી ચોક્કસ જરૂરિયાતો માટે કૃપા કરીને તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાની સલાહ લો. આ પુસ્તિકા તબીબી સલાહનો વિકલ્પ નથી.

આ પુસ્તિકામાં ફેરફાર કરવાની પરવાનગી આપવા બદલ વૉશિંગ્ટન સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થનો વિશેષ આભાર.

NJHealth
New Jersey Department of Health

C55082

જન્મ સમયથી જ તમારા બાળકનું રક્ષણ શરૂ કરો

હિપેટાઇટિસ બી રસી વડે



NJHealth
New Jersey Department of Health

હિપેટાઇટિસ બી રોગ શું છે?

હિપેટાઇટિસ બી રોગ યકૃત પર હુમલો કરતા વાયરસને કારણે થાય છે. તે ગંભીર બીમારી, યકૃતનું કેન્સર અને કેટલાક કિસ્સાઓમાં મૃત્યુ તરફ દોરી શકે છે.

હિપેટાઇટિસ બી થયો હોય તેવા ઘણા લોકો બીમાર દેખાતા નથી કે તેમને બીમારી જેવું લાગતું નથી. અન્ય લોકોને ભૂખ ન લાગવી, પેટમાં દુખાવો, અતિશય થાક અથવા ત્વચા કે આંખો પીળી પડવા જેવાં લક્ષણો હોઈ શકે છે.

હિપેટાઇટિસ બી કેવી રીતે ફેલાય છે?

હિપેટાઇટિસ બી વાયરસથી સંક્રમિત લોહી, વીર્ય અથવા શરીરનાં અન્ય પ્રવાહી, ચેપ લાગી શકે તેવી વ્યક્તિના શરીરમાં પ્રવેશે ત્યારે હિપેટાઇટિસ બી ફેલાય છે. લોકોને આ વાયરસનો ચેપ નીચેની રીતે લાગી શકે છે:

- જન્મ (પ્રસૂતિ દરમિયાન ચેપગ્રસ્ત સગર્ભા વ્યક્તિમાંથી શિશુમાં ફેલાય છે)
- ચેપગ્રસ્ત જીવનસાથી સાથે જાતીય સંબંધ
- ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે રેઝર, ટૂથબ્રશ, નેઇલ કટર, સોય અને સિરીંજ તથા ગ્લુકોઝ મીટર જેવી વસ્તુઓ વહેંચીને વાપરવી
- ચેપગ્રસ્ત વ્યક્તિના લોહી અથવા ખુલ્લા ઘા સાથે સીધો સંપર્ક
- સોય વાગવાથી અથવા અન્ય ધારદાર સાધનોથી લોહીના સંપર્કમાં આવવું



હિપેટાઇટિસ બી વાયરસ ખાવાનાં વાસણો વહેંચવાથી, સ્તનપાન કરાવવાથી, ભેટવાથી, ચુંબન કરવાથી, હાથ પકડવાથી, ખાંસી ખાવાથી કે છીંક ખાવાથી ફેલાતો **નથી**.

સગર્ભા વ્યક્તિઓએ હિપેટાઇટિસ બી સામેની રસી શા માટે લેવી જોઈએ?

હિપેટાઇટિસ બી ધરાવતી સગર્ભા વ્યક્તિઓ તેમનાં નવજાત શિશુઓમાં આ રોગ ફેલાવી શકે છે. મોટાં બાળકો અથવા પુખ્ત વયના લોકોની સરખામણીમાં શિશુઓ હિપેટાઇટિસ બીના ચેપ સામે લડવા માટે ઓછાં સક્ષમ હોય છે. જન્મ સમયે ચેપગ્રસ્ત થયેલાં શિશુઓમાં ક્રોનિક (લાંબા ગાળાનો) હિપેટાઇટિસ બી થવાની સંભાવના 90% હોય છે, જે આ રોગનું સૌથી ગંભીર સ્વરૂપ છે.

ક્રોનિક હિપેટાઇટિસ બી સમય જતાં યકૃતને નુકસાન અને યકૃતના કેન્સર સહિતની ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે, અને મૃત્યુનું કારણ પણ બની શકે છે.

શિશુ હિપેટાઇટિસ બી વાયરસના સંપર્કમાં કેવી રીતે આવી શકે?

ઘણા કિસ્સાઓમાં, સગર્ભા વ્યક્તિઓ પોતે ચેપગ્રસ્ત છે તે જાણતી ન હોવાથી પ્રસૂતિ દરમિયાન હિપેટાઇટિસ બી વાયરસ ફેલાવે છે. અન્ય કિસ્સાઓમાં, ચેપગ્રસ્ત પરિવારજન, સંભાળ રાખનાર વ્યક્તિ અથવા મિત્ર દ્વારા વાયરસ શિશુમાં ફેલાય છે. હિપેટાઇટિસ બીથી સંક્રમિત મોટા ભાગના લોકોને બીમારી જેવું લાગતું નથી અને તેઓ આ વાયરસ ધરાવે છે તેનો તેમને ખ્યાલ પણ હોતો નથી.

જો તમારો, તમારાં માતા-પિતાનો અથવા તમારી સાથે રહેતી કોઈ વ્યક્તિનો જન્મ નીચેના પ્રદેશોમાં થયો હોય, તો તમને અને તમારા બાળકને હિપેટાઇટિસ બીનો ચેપ લાગવાનું જોખમ વધુ રહે છે:

આફ્રિકા
અલાસ્કા
પૂર્વ યુરોપ
મધ્ય પૂર્વ
દક્ષિણ અમેરિકા
દક્ષિણ એશિયા
પશ્ચિમ પેસિફિક



મારા બાળકનું રક્ષણ કરવા માટે હું શું કરી શકું?

જન્મના 24 કલાકની અંદર તમારા બાળકને રસી અપાવો! હિપેટાઇટિસ બીની રસી ત્રણ કે ચાર ડોઝમાં આપવામાં આવે છે. હૉસ્પિટલ/પ્રસૂતિ કેન્દ્રમાં પ્રથમ ડોઝ આપ્યા પછી, આગળનો ડોઝ સામાન્ય રીતે 1-2 મહિનાની ઉંમરે આપવામાં આવે છે. છેલ્લો ડોઝ છ મહિનાથી 18 મહિનાની ઉંમરની વચ્ચે આપવામાં આવે છે. શ્રેણીના આગળના ડોઝ માટે તમારા બાળકને ક્યારે પાછા લાવવાની જરૂર છે, તે તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાને પૂછો.



હિપેટાઇટિસ બીનો ચેપ ધરાવતી વ્યક્તિઓથી જન્મેલાં શિશુઓને જન્મના 12 કલાકની અંદર હિપેટાઇટિસ બીની રસીનો પ્રથમ ડોઝ **અને** હિપેટાઇટિસ બી ઇમ્યુનોગ્લોબ્યુલિન (HBIG)નું ઇન્જેક્શન આપવાની જરૂર પડશે.